શીયળબાવની.

બ્રહ્મચર્યના મહીમાનું મનન કરવા લાયક વર્ણન.

રચનાર.

ઝવેર ડાહ્યાભાઇ શાહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

દેવસી ડાહ્યાભાઇ શાહ.

બંદર ધોલેરા.

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

"એંગ્લો વર્નાકયુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં

નથુભાઇ રતનચંદ મારફતીયાયે છાપી.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

કિંમત બે આના

શીયળબાવની.

બ્રહ્મચર્યના મહીમાનું મનન કરવા લાયક વર્ણન.

રચનાર.

ઝવેર ડાહ્યાભાઈ શાહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

દેવસી ડાહ્યાભાઈ શાહ.

બંદર ઘોલેરા.

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં

નથુભાઇ રતનચંદ મારફતીયાયે છાપી.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

કિંમત બે આના

અર્પણ પત્રીકા.

ધર્મ સ્નેહી પરમપ્રિય વડીલ બધું.

ગીરધરલાલ લાલચંદ—મું લીંબડી.

આપ બાળ બ્રહ્મચારી હોવાથી આ શીયળબાવની રૂપ સોવન મુદ્રીકાને શોભાવનાર માણીક્ય તુલ્ય છો. ભાવ દયા, પરોપકાર અને ઔદાર્યાદિ ગુણોના ભારથી નમેલા વૃક્ષ—તુલ્ય છો, સમરૂપ જળ સીંચનથી આશ્રીત જનોના તાપ હરવાને મેઘ સદ્દશ્ય છો, સજ્જનો રૂપ હંસના આશ્રયને માનસરોવર જેવા છો, દેવગુરૂની ભક્તિમાં સદા તત્પર છો, પરનું હીત ચીંતવવાને વિષે દક્ષ છો, પોતાના અને પરના હૃદયરૂપ નંદન વનમાં ધર્મરૂપ કલ્પવૃક્ષ ઉત્પન્ન કરવાને, વૃદ્ધિ કરવાને અને ધારણ કરવાને શકિતવાન છો, કુપંથે ચડેલાને સત્પંથે ચડાવનાર સાર્થવાહ તુલ્ય છો, વિવેકના પરમ નીધી છો, યોગ્ય અવસરના નીપુણ વીચક્ષણ છો, ઇંગીતજ્ઞ હોઇને મનના અભિપ્રાય જાણી રૂચતી પ્રિય વાણીથી સદ્બોધ આપી સદાચરણ શીખવવાનો તો આપનામાં અનુપમ ગુણ છે, અમારૂં હિત કરવામાં આપે ઘણો પ્રયાસ લીધો છે. અને હજુપણ અમારૂં વિશેષ હિત કરવાની ચાહના આપ નીરંતર રાખ્યાજ કરો છો, ઇત્યાદી કારણોથી આ લઘુ પુસ્તક આપને યોગ્ય જાણી અર્પણ કરીએ છીએ તે કૃપા કરી સ્વીકારશો.

લી. આપના આભારી નમ્ર સેવકો.

ઝવેર ડાહ્યાભાઇ,

અને

દેવશી ડાહ્યાભાઇ.

શીયળબાવની.

કવિત—મનહર.

અસીઆ ઊસાય મળી ઓંકાર શબ્દ થાય,
ગુરૂથી જાણીને કરી હૃદયમાં સ્થાપના;
અરીહંત બાર ગુણ સિદ્ધ અષ્ટ ગુણ યુક્ત,
આચાર્ય છત્રીશ પચવીશ ઉવઝાયના;
સતાવીશ સાધુ તણા અષ્ટોત્તર શત ગણી,
ગણકાની માળા પંચ પમેષ્ઠી આરાધના;
અલ્પમતિ ત્રિય કામ આરંભ્યું ધરીને હામ,
નમું કૃપા થકી પૂરી થશે મન કામના. ૧
કામ ભષ્મ કરનાર શીવવર શીવાનંદ,
બાળ બ્રહ્મચારી વદું નેમીનાથ સ્વામીને;
મળત કરત ધ્યાન શિવવર માળ શુભ,
તરત તરત ભક્ત કરી ભક્તિ તારીને;
માતા ખ્યાતા સરસ્વતી દુસ્તર જે કાવ્યો દધી,
તરત તરત જન પાર કરો તારીને;
ઢોર ચારે ઢોર જેવા તેને તું પંડિત કરે,
તરત તરત જન કરી સ્તુતિ તારીને. ૨
કોશ્યા સરખી સુરૂપા કામ વીડંબના વાસ,
ચિત્રશાળી ચિત્ર સર્વ સમર આકારમાં;
કામોદ્દીપન સરસ ભોજન કોશ્યા જમાડે,

હાવ ભાવ નાટક તે કરતી લોભાવવા;
ચરિત્ર જીતી ચારીત્ર થકી નવ ચલ્યા મૂની,
સંસારના સુખ ચાખી જાણ્યા જેણે કારમા;
નમું સ્થુલભદ્ર મુની વેશ્યા પ્રતિબોધી તેણે,
વિશ્વ મોહીનીનો પાસ તોડ્યો પળ વારમાં. ૩
મુઠ મોહે પરનારી સારી ધારી રૂદે પ્યારી,
યારી નર્ક બારી જારી વિચારી ખુવારીને;
કષ્ટકરીછે અપારી. અકારી ફજેતીકારી,
મૃદુ ઉચ્ચારી વાણીને ચીત્ત હરનારી તે;
કટારી કટાક્ષ મારી કારી ઘા ઘાયલકારી,
નઠારી સંભારી ભારી જ્ઞાનીએ ધીક્કારી તે;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સમર અગર સમ ગણે યાર પ્યારી તે. ૪
અખૂટ ખજાનો ખૂબ ખાઇને ખુવાર કરે,
ખૂટે ખજાનો રમે તે જારને નીવારીને,
અન્ય ધનવાન સાથે ખચીત વિલાશ કરે,
ખૂટે ધન તેને પણ કાઢે ધક્કો મારીને;
શણગારી ધારી ધારી વપુ સુધારી સમારી,
વેશ ધારીને ધુતારી ઠગે છે ઠગારી તે;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સમર અગર સમ ગણે યાર પ્યારી તે; ૫
એક સાથે પ્રીત કરે અવરની સાથે રમે,
કપટની ખાણ પ્રાણ ઘાતક પ્રમાણીએ;
દુરગતી દાતા દુઃખદાતા ખ્યાતા જગતમાં,

સાક્ષાત રાક્ષસી જેવી રામા દીલ હારી તે;
લલચાય છે લંપટ એમાં લાલચુ થઇને,
લલનાના વિલાશમાં મોહ્યો શું તું માનીને,
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર;
સમર અમર સમ ગણે યાર પ્યારી તે ૬
ઊરે ન્યારી બોલે ન્યારી ચાલે ન્યારી ન્યારી રીતે,
નીષ્ઠુર નીપટ નારી મદન પથારી તે;
કામિનિ ભામિનિ કામા લલના રમણી રામા,
યુવતિ ચતુરા શાંગા માનનીને નારી તે;
ચંદ્રવદની તરૂણી મૃગાક્ષી સુંદરી વામા,
વિલાસીની ભામાભવ ભટકાવનારી તે,
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૭
ચપળા સુતનું ત્રીયા વનીતા મહીલારમા,
પ્રિયા શુભ્ર કમળાક્ષી અંગના વખાણી તે,
પદ્મિનિ ગેહીની દારા કોમળાંગી અબળા તે,
ભવાબ્ધિમાં પુરૂષોને સ્ત્રી ડુબાવનારી છે;
જો મુક્તિ તું જાવા જ્યારે ધારે ત્યારે ત્યાગ કર,
મુગળ સ્વરૂપ દ્વાર અટકાવનારી તે;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૮
સ્વારથની યાર પરનાર ધનવાન પ્રત્યે,
હાવ ભાવ પ્રીત નીત્ય દર્શાવનારી તે;
તારી નારી તુજવીણ ક્ષણ રહેનારી નહીં,
તુજથી બંધાણી પ્રીત પાળો પ્યારા પ્યારીને;

એહવા અનેક વીખ ઉચરે અપાર બોલ,-
જાણે ખરી પ્યારી સ્નેહ નથી તોડનારી તે;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધીનર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૯
કુળને કલંક લાગે નામને કલંક નીજ,
ધર્મને કલંક ધીગ ધીગ દુરાચારીને:
જેમ નગારૂં તજીને તગારૂં તકાવે તેમ,
પરદારા સાથે રમે તજી નીજ નારીને;
ફટ ફટ ફટકાર દૂષ્ટને સહસ્ત્રવાર,
અનાચાર સેવનાર એવા અવિચારી ને;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધીનર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૧૦
પરદારા સેવે દુઃખ પારાવાર પામવાને,
કારાગૃહ પડે રૂડી રાજ રિદ્ધિ છાંડીને;
તાપથી તવાય તન વીરહની વેદનામાં,
વીષયમાં લુબ્ધ અન્ય વીષયને ત્યાગીને;
ઝુરી મરે જંખનામાં ચક્ષુઓ ભ્રમીત રહે,
સુઝે નહીં કામ કશું વધારે ઉદાસીને:
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર.
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૧૧
અજ્ઞાન સ્વાન તે જેમ અસ્તી કરડે છે જુઓ,
દાંત તુટે તેની દરકાર ને ન ધારીને;
ખોરાક સરસ મળે ખાંમી નહીં તૃપ્ત થાય,
ભક્ષણ કરેછે તોય પશુ વીષ્ટા પામીને;
મદાંધ મનુષ્ય તેમ અનેક વિપત્તિ પામે,

ઓખરીયું ઢોર પામે ઓખરથી શાંતીને;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સગર અગર સમ ગણે યાર પ્યારી તે. ૧૨
પરદારા ધ્યાંન ધરે તેમજે પ્રભુનું ધરે,
કામ ક્રોધ મોહ આદિ શત્રુઓને મારીને,
જનમ મરણ જાય પાપમાંથી મુક્ત થાય,
પરમ આનંદપદ કરગ વીડારીને;
વીગત મોહીના ગુણ વીગતથી શું વખાણું,
અવીગતના સુખ તે પામે પદ મુકિતને:
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સગર અગર સમ ગણે યાર પ્યારી તે. ૧૩
દ્રાક્ષનો મંડપ તજી વાયસ લીંબોળી ખાય,
દુષ્ટોએ અનાદી રીતી એવી દીલધારી છે;
પુર્વાપર કર્મ બાંધે વ્યસન વિશેષ વાધે.
બેલ ખાંમુખાં શીખેછે ચોરીને જુવારી તે;
મન મરકટ નીત્ય ચોદીશ એ ભમ્યા કરે,
શાંત દાંતરૂપે વશ કરો મન મારીને;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સગર અગર સમ ગણે યાર પ્યારી તે. ૧૪
મોહક વીકારી નર વખાણે અનૂપરૂપ,
અગણામાં ભુલે ભોળા દેખી તે આકૃતીને;
આબરૂની હાંની દેહ હાની ધન હાની થાય,
માન હાની જાણી જન અપજશ કારી તે;
અભ્યંતર દેહ એનો મળમુત્ર માંસ રક્ત,
ગીલીત ભરેલ તેતો દુરગંધ કારીછે;

જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સગર અમર સમ ગણે યાર પ્યારી તે. ૧૫
કૌરવને કીચકના હાલ જો બે હાલ થયા;
કુળ નીકંદન થયું સંતાપી સન્નારી તે;
દુર્યોધન દુ:શાસન ક્ષણમાં વીનાશ થયા,
અઢાર અક્ષોહણી દળ સાથે અવીચારી તે;
રાવણ રોળાયો રણ ત્રણ ખંડ આણ જેની.
પળમાં વીનાશ થયો શીતાને સંતાપીને;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સગર અગર સમ ગણે યાર પ્યારી તે. ૧૬
વિપત્તિ અનેક જોવા પામ્યા પરદારા થકી,
રાજ રિદ્ધિ ખોઇ ખાખ થયા દુ:ખ પાંગીને;
પ્રેમની પતિત જાય કાર્યની ન સિદ્ધિ થાય.
લોક અવગુણ ગાય વિષવાળી ઝારી તે;
અતિ કામરૂપ રંગ લાજ પ્રાણ નાશ કરે,
દાખયો વિચિત્રવીર્ય જુઓને તપાશીને;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સગર અગર સમ ગણે યાર પ્યારી તે. ૧૭
હશકબાજી કબાજી પાજી કરે રાજી થઈ,
લાજી મરે નહીં જરા શરમ ન કામીને,
નકામી કામીની કૃતિ કામીની પરાઈ સાથ,
પથ્થર પડયો ન પેટ માતને લજાવીતે;
ઘોળાને ઘોવાને થાત પથ્થર જો થયો હોત,
પૃથવીને ભારભૂત મુરખ ગુમાની તે;

જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૧૮
ઠાલી પતરાજી કરે બડાઈ શું બેઠો નીચ,
અપવિત્ર કરી કાયા કીચડમાં પાડીને;
પાપ કીચ કાંપ જન્મ્યો વૃથા વારી સીંચવાથી,
પાવન ન થાય કહું વારંવાર વારીને;
પરનારી દૂર તજી સત્યને શીયળ ભજ,
અંતરંગ દેહે સીંચ પુન્ય રૂપ વારીને;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર;
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૧૯
જેમ જાળ ગુંથી માંહે ભક્ષણ ભરાવી પડે,
પારાધી પ્રાણીને નીજ પાસમાં ફસાવીને;
મધુર વચન આદી ભોજન ભરાવી પાસ,
મોહરૂપી જાળમાંહે ફસાવે નઠારી તે;
આકાશ ફગાળવાન મનમાં સંકલ્પ કીના,
ફોગટ ફસાયો ખુબ ખોટા ફાંફાં મારીને;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૨૦
મદન વિલાશ ખાસ ખેલ્યા નાના વીધ અરે,
યુવાનીના મદ માંહ્ય પ્રભુને વીસારીને:
હાહા કરૂણા જનક ભયંકર રોગ ભારી,
અસાધ્ય અપાર કામ જનપીડા કારી તે;
સ્વારથી જગત સહુ દેખી ત્રાસ પામે જન,
ભવભીરૂ શોધે નકી ડગરવા બારીને;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,

સગર અગર સમ ગણે યાર પ્યારી તે, ૨૧
છાકટો છબીલો છેલ છતગાં તું છવાયેલ,
છોકરવાદી છકેલ ફેલ છેક છોડી દે;
ફાટી આંખે ફરે ફેલી ફાંકડો તોફાની ફંદી,
ફજેતીના ફાલકાની ફુડી તાંત તોડી દે;
વંશ વૃદ્ધિ માટે નીજ નારીથી સંતોષ ધારી,
તે ઊપાધી પણ બને તેમ તો ઘટાડીએ;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સગર અગર સમ ગણે યાર પ્યારી તે. ૨૨
પરનારી કુટુંબને માલમ પડેછે ત્યારે,
કુટાય પીટાય જીવ જોખમમાં આવીને;
પરરામા ભરતાર જાણેછે જ્યારે એ વાત,
ઘાત કરે જાર તણી કેવું દુ:ખકારી તે;
નર નહીં ખર પશુ વૃત્તિને ઉત્તેજનાર,
જાનવર નરાધમ પાપી ભ્રષ્ટાચારી તે;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સગર અગર સમ ગણે યાર પ્યારી તે. ૨૩
અપર અપરણીત વિધવા વેશ્યા પરસ્ત્રીઆ,
વીવાહીત વીના અન્ય જાણ પરનારી તે;
નીયમમાં શોભે સર્વ ચીજ નીજ નીજ સ્થાને,
અનુચીત સ્થાને લાગે અતીસે અકારી તે;
નીયમમાં રાખો તેમ નીજમનો વીકારને,
મૃગ તૃષ્ણાનાં ફાંફાં મારો ન મુંઝાઇને;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સગર અગર સમ ગણે યાર પ્યારી તે. ૨૪

મનુષ્ય જનમ એળે જાય પૂન્ય પરવારે,
વીટંબના પામે ખુવે સુકૃત કમાણીને;
પંડિત પ્રવર અને વિદ્વાન મુકુટ મણી,
પરોપકારી વિનયી વિવેકીને દાની તે;
અનેક ગુણોએ એવા અલંકૃત હોય જેહ,
ગુણ સર્વ નાશ થાય ધિગ તેહ જારીને;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૨૫
કળાને કૌશલ્યવંત શાસ્ત્રજ્ઞ શસ્ત્રજ્ઞ તથા,
ધર્મજ્ઞ મર્મજ્ઞ હોય ભલે ભાગ્યશાળી તે,
પણ એક દુરગુણ હણે સર્વ ગુણ નક્કી,
માન પામે નહીં અપમાન પામે માની તે;
જેમ રતી પાવકની સમગ્ર વસ્તુ પ્રજાળે,
તેમ ભસ્મી ભુત કરે ગુણ પરનારી તે;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૨૬
શીયળે અનેક જન સુખી ગયા શાસ્ત્રે લેખ,
દેખી દુર કરો નીજ વૃત્તિઓ નઠારી ને;
શુદ્ધ અંતઃકરણને મનથી સંતોષ ધારી,
દોષકોષ ટાળી નીજ પત્નીવ્રત પાળીને;
શુદર્શન શેઠ સુળી ફીટી સીંહાશન થયું,
મહીમા મહાન જગ શીયળનો જાણીએ;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે, ૨૭

કાળ જેવી કાળી ઝેરી નાગણી સમાન તથા,
કંટક પથારીવત પરરામા માનીએ;
દૃષ્ટિ વિષ જેવી દૃષ્ટિ કામિનિની લેખો મન,
પેખો નહીં વપુ તેનું તેમાં દૃષ્ટિ સ્થાપિને;
હાસ્ય મશ્કરી વીનોદ વીના દે ઠઠા ખાજી ખાજી કરે,
પતરાજી ઝાઝી રામા નરને રીઝાવીને;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૨૮
પાણીદાર પાળી રૂડી ખાંતથી ખીરસામાં રાખે,
ચુકે ચોટ કલમથી કર કાપનારી તે;
તેમ આડી અનાડીની ચોટમાં જો સપડાયોં,
કુગતીમાં પાડે થાય પ્રાણની ખુવારીને;
જેમ મીષ્ટ અન્ન જરા વીષથી મીશ્રીત હોય,
તેમ ધુર્તનારી અંતે પશ્ચાતાપકારી તે;
જરઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૨૯
પ્રબળ અનળ અને શસ્ત્ર થકી અભીનવ,
અવગુણકારી ભવ ભવ નડનારી તે;
જળહળ જ્યોત દેખી દીપકની શોભા ભારી,
પતંગ ખુવેછે પ્રાણ તન ઝંપલાવીને;
તેમ રૂપવંતી દેખી મોહે જન પડે પાસ,
બહુ કષ્ટ પામે જન એના થકી હારીને;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સમર 'અમર સમ ગણે યાર પ્યારી તે. ૩૦

પર ગોરડી ઓરડી દુરગુણ કેરી નક્કી,
કુટીલ કરગ કરે કુગતા કુગારી તે;
લટકાવી લટકંતી મુખ મલકાવી ચાલે,
આંખ અણસારા કરે ફસાવવા ફાંસી તે;
દૃષ્ટિએ વિલાસી જન દેખીને ફુલાય ગન,
ફંદમાં ફુદ્દાની જેમ પડેછે ફસાઇને;
જર ઝવેરથી તર હેયછે જ્યાં સુધી નર,
સગર અમર સમ ગણે યાર પ્યારી તે. ૩૧
નખરા અનેક ચાળા દુષ્ટા કુચેષ્ટા કરેછે,
કુલટા તે પરખાય નેણુની ખુમારીએ;
વાચાલ કુતર્કવંત અનેક યુક્તિથી પાડે,
નરનારી ને કુટણી નીર્લજ્જા નાદારી તે;
એવી નારી થકી કોશ સત દુર રહે નર,
સુમુક્ષુ જેહને પર ભવભીની ભારીછે;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સમર અગર સગ ગણે યાર પ્યારી તે. ૩૨
કળ બળ છળ કરે પૂષ્પ બાણ કર ધરે,
છેતરે અનંગ ધુરો કુરછે કસાઇ તે;
ઓજ પાપે કેછે કીધો સમરને શોતે ખાખ;
અંગ વીના પણ તન દહેછે ખીજાઇને;
રશીક રશીલી ચાલે ઠગકતી રૂમઝુગ,
ઝટપટ દોડે દ્રગ તેની ભણી ધાઇને;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નરે,
સગર અમર સમ ગણે યાર પ્યારી તે. ૩૩
રૂસના રંગમાં ખુબ બને પરરાગા સંગ;

તે નચાવે તેમ નાચે લાજને વીસારીને;
ભરમાવે ભમાવે તે વશ થઈ ખરૂં માને,
પરવશ સોંપે પ્રાણ દુધ જયું બીલાડીને;
જોગાન પતંગ રંગ જાતાં નહીં વાર લાગે,
મદમાંહે મગરૂર થયો શું વિચારીને;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સગર અમર સમ ગણે યાર પ્યારી તે. ૩૪

છટાથી ચાલેછે બુરા કરમ ચંડાળ કુડા,
વાંકા વાંકા બહુ જાણે પાપથી મુઝાઈને;
સોભીત સુસ્વાંગ ધરે રાગા દેખી ચીત ચળે,
છીનાળાની છાપ જેણે જગમાં છપાવી છે;
એવા દુરજન થકી દૂર રહો સુખ ચહો,
તો અદીઠ રાખો એના સંગને નીવારીને;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સગર અમર સમ ગણે યાર પ્યારી તે. ૩૫

હડહડ કરે જાય તુતુ કરે દોડી આવે,
નફ્ટ નાદાન સ્વાન જેવા વ્યભીચારી તે;
રંક જેવા થઈ રહે હાથ જોડી રાગા પાસે,
આળ ગાળ ખાય પણ રહે સુખ માનીને;
લુંટાય ઝુંટાય નર કુટાય પીટાય વળી,
રંડા ડંડા ખાય પણ છોડે નહીં નારીને;
જર ઝવેરથી તર હોયછે જ્યાં સુધી નર,
સગર અમર સમ ગણે યાર પ્યારી તે, ૩૬

શીવ ચળ્યા ભીલડીથી કૃષ્ણ કુબજાથી મોહ્યા;
બ્રહ્મા તીલોત્તમા સાથ રાગથી પીડાઈને;

એમ હરીહર બ્રહ્મા યમ ઇંદ્ર ચંદ્ર સર્વે,
માનીના મોહમાંહે ભુલ્યા ભોળવાઇને;
જાદૂઈ નવાઇ જેવી કરામત લાગે ભારે,
પડે નર એના તેને ભોળા ભુલખાઇને;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૩૭
સાન નહીં જરા માન માની રહે દુઃખ સહે,
તમાચો મારીને મુખ લાલ રાખે લાજીને;
રીસાણી રામાને કોઇ મળે ન રીઝવનાર;
પુરૂષને પળમાંહે રીઝાવે છે નારી તે;
અબળા સબળા જેવી દીએ બીએ દોરડાથી,
રજની વીષે ઊપાડે સરપને ઝાલીને;
જર ઝવેરની તર હોય છે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૩૮
આગમ અગાધ નારી ચરિત્ર જણાય જગ,
યોગીંદ્ર સરખા પણ પડે છે અંજાઇને;
ચરમ ચક્ષુથી જોતાં સ્ત્રી ચરિત્ર ન જણાય,
સ્પષ્ટ દેખે જેને જ્ઞાન ચક્ષુ જ્યોત જાગી છે;
સિંહ જેમ શીયાળથી પરાભવ પામે નહીં,
તેમ નર સિંહ જેવા સમ દમ ધારી તે;
અન્યમતિ જીનમતિ થકી કેક બોલે એવું,
વિષય તૃષ્ણાની આગ બુઝાવવી સારી છે;
પર પીડા માટે ક્રીડા કરવી ઉચીત માને,
પણ આગ ઇંધનથી કદી બુઝવાઇ છે ?

અભાગત વસ્તુ થકી તૃષ્ણા વિશેષ વાધે,
તેહ આગ બુઝવવા રાગદગ વારી છે;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૩૯
પર નીતંબિનિ વશ રાચી માચી રહે જેહ,
દરિદ્રતા થાય અંતે થાય છે ભીખારી તે;
કૈકે વનવાસ આશ છોડીને નીરાસ કર્યા,
બિચારા રામાથી ત્રાહ્ય ત્રાહ્ય તે પોકારીને;
વિષયી સ્ત્રીઓની ઈચ્છા તૃપ્ત કરવાથી પુન્ય,
માને મુઢમતી જેને બુદ્ધિને ગુમાવી છે;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૪૦
વાંચે તો વંચાય[1] નહીં ઉક્ત દોષવાળા થકી,
જાંચે કદી રૂચે નહીં પરદારા પ્યારી છે;
રોગી રોગે ઘેરાયેલો હોય કદી ગમે તેમ,
ગમે નહીં પથ્ય જેની રસના રસાળી છે;
મગસેલીઓ પથ્થર ઉપાય કરોડ કરો,
પલળે ન ઉપદેશ મુરખ સ્વીકારીને;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૪૧
વાંચીને વિચારો વાણી કુટીલતા દુર કરો,
ધીઠાઇ તજીને સુણો પરદારા વારીઓ;
કરણુ કટુક લાગે કઠોર હૃદયના જે,

---

૧ ઠગાય.

શ્રવણ સુખદ સ્વાદ સજ્જનને સારી તે;
કુછંદ સ્વછંદ વળી નગુણાં શું નેડો તજો,
છેડો છોડો ફેડો તેડો સુમતા સુધારીને;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૪૨
નીખાલસ મનવાળા જન તે સુખેથી પઢે,
લડે વઢે જન જેછે આડાને અનાડી તે;
પરવા પર વાગાના સંગીની રાખતો નથી,
પણ દયા આવે દીન દુઃખીયા નીહાળીને;
દુરજન જન ભલે રીઝે કે ખીજાય મન,
સજ્જન રંજન થાય સુણી શીખ સારીને;
જર ઝવેરથી તર હોય છે જ્યાં સુધી નર,
સમર અમર સમ ગણે યાર પ્યારી તે. ૪૩
પાપને છુપાવવાને નીરદયી કામ કરે,
બાળ હત્યા ગર્ભપાત પ્રાણી ઘાત આદીને;
ધુમાડાના બાચકમાં ધ્યાયો જાણે રત્ન મળે,
માખણ જાણીને વૃથા વલોવ્યું છે પાણીને;
નીરાધાર નાથ આંખે પાણી આવે પાણી અહો
અરણ્ય કમળવત વૃથા જન્મ જાણીને;
ઉકતી ઉચારી સારી ધારીને વિચારી ચીત્ત,
ઝવેર સુધારી મન પ્રભુ સાથ જોડી દે. ૪૪
વિવેકી વનીતા સર્વ વિવેકે વિચારી જુઓ,
કુળ ધર્મ છોડયે કેમ લાજ રહે જરીએ;
પરપુરૂષની સાથ વારતા વીનોદ હાસ્ય,
કરવું નહીં એકાંત વસીને ન ઠરીએ;

ધુતારા ઠગારા જોગી સન્યાસી વૈરાગી કેક,
જંત્ર મંત્ર મારે ઠગે ભુલાં નવ ભમીએ;
જર ઝવેરને તન જોબન જાવાનું જાણો,
અચળ ન કોઇ જોઇ જોઇ ડગ ભરીએ. ૪૫
નીચ નામ ધરનાર ફાટી આંખે ફરનાર,
જાર કર્મ કરનાર નર થકી ડરીએ;
ઉભય કુળને ડાઘ લાગે સ્યાગ એવું કામ.
ઠામ ઠામ નીંદા થાય તેથી લાજી મરીએ;
નીચ નારી બેરાગણ માલણ ઘોબણ અને,
કુસ્બણ લખાડી લુચી થકી દુર રહીએ;
જર ઝવેરને તન જોબન જાવાનું જાણો,
અચળ ન કોઇ જોઇ જોઇ ડગ ભરીએ. ૪૬
કુલટા કુટીલા દુતી યમદુતી જેવી કુત્તી,
ધુતી ખાય કુટણીનો સંગ નવ કરીએ;
પરઘર કામ વીના ફોગટ શું ભટકવું,
નીજઘર છોડી ઘર ઘર નવ ફરીએ;
પતિવ્રત પાળો ટાળો કુમતી કુટીલ દુર,
નીજ મનોવૃત્તિ આડે રસ્તે ન ફેરવીએ;
જર ઝવેરને તન જોબન જાવાનું જાણો,
અચળ ન કોઇ જોઇ જોઇ ડગ ભરીએ. ૪૭
વીષય રસના સ્વાદ જીભ્ડા સ્વાદ ધન લોભે,
ખુરૂં કર્મ કરે કૈક ડરે નહીં જરીએ.
વીષય વીકાર જીભ્હા સ્વાદ ધન લોભ અતિ,
કડુક વીપાક આપે માટે લોભ તજીએ;
કુળની મર્યાદ યાદ રાખી રૂડી ચાલ ચાલો,

ખાંમી ફરીયાદ જેથી આવે નહીં કદીએ,
જર ઝવેરને તન જોબન જાવાનું જાણો,
અચળ ન કોઈ જોઇ જોઇ ડગ ભરીએ. ૪૮

કૈક ભરતાર વશકરણુ વશી કારણ,
મંત્ર જંત્ર દોરા ધાગા કહે જોગી બનીને;
એ બ્હાને અતિ કુકર્મ સેવછે ગરજ જોગી;
લુચ્ચાઓ ભમાવે ભુત જેવી તે ભામીનીને;
પતિ વશ કરવાને સાધન પોતાની પાસ,
એના કહ્યામાં રહીને ઝટ વશ કરીએ;
જર ઝવેરને તન જોબન જાવાનું જાણો,
અચળ ન કોઇ જોઈ જોઈ ડગ ભરીએ. ૪૯

વિષય લોલુપી નર લાલચ બતાવે બહુ,
વસ્ત્ર દ્રવ્ય આદી એના પાસમાં ન પડીએ;
શીયળે સફળ ફળે અભિલાષા ટળે આધી,
વ્યાધી વીસર્જન થાય શુભ ગતી વરીએ;
ઉપસર્ગ ટળે અપ વર્ગ મળે જળે કર્મ,
મનોરથ સીદ્ધ થાય માટે શીળ ધરીએ;
જર ઝવેરને તન જોબન જાવાનું જાણો,
અચળ ન કોઇ જોઇ જોઈ ડગ ભરીએ. ૫૦

જારી કરનારી નારી અનેક કુકર્મ કરે,
નીચ કામ દુષ્ટ માટે પાપ થકી ધ્રુજીએ;
એહ પાપી કુછંદથી કૈક નીજ ભરતાર,
કૈક પુત્ર આદીકને મારે વિષ દઇને;
એથી છેદન ભેદન તાડન તર્જન કષ્ટ,
નરક આદી ગતીમાં દુઃખે કરી સહીએ;
જર ઝવેરને તન જોબન જાવાનું જાણો,
અચળ ન કોઇ જોઈ જોઇ ડગ ભરીએ. ૫૧
દરબારમાં ફેરાવું પડે ને ફજેતી થાય,

કુલંકની આળ ગાળ શીર કેમ ધરીએ;
અનેક સંકટ સહી પ્રાચીન સતીઓ જેમ,
નેક રાખી ટેકથી વિવેક ન વીસરીએ;
શીયળ સનૂર વાધે નૂર પૂર સૂર જેમ,
સુર સુખ મળે છળે લોકોન છેતરીએ,
જર ઝવેરને તન જોબન જવાનું જાણો,
અચળ ન કોઈ જોઇ જોઇ ડગ ભરીએ. ૫૨

રૂડો ભુંડો પણ નીજ પતિ પુજ્ય રૂપ ગણો,
અવગણો નહીં તેને સંતાપો ન કદીએ.
વિધિ સંજોગે જેનાથી કર મેલાપક થયો,
કરમે મળ્યો તે દેવ રૂપ મન ગણીએ;
અવરની જંખના તે દોષ રૂપ માની મન,
મન તન વચનથી અન્ય નવ ભજીએ;
જર ઝવેરને તન જોબન જવાનું જાણો,
અચળ ન કોઇ જોઇ જોઇ ડગ ભરીએ. ૫૩

પ્રિયપતિ વંચી પર પુરૂષથી પ્રીત કરે,
કુલ ખપણી લલના સાપણી પાપણી તે,
તૃણ તુલ્ય પરનર ગણી નીજ કુલાચાર.
ગૃહાચાર ધર્માચાર ધારા દીલ ધરીએ;
વ્યસનીની સાથે હસી હાથ તાલી લેવી નહીં,
અપવાદ આવે કદી અસુરા વીચરીએ;
જર ઝવેરને તન જોબન જવાનું જાણો,
અચળ ન કોઇ જોઇ જોઇ ડગ ભરીએ. ૫૪

ઇંદ્રના સ્વરૂપ રૂપવાન પતિ છોડી કૈક,
પરયાર યારી કરી દુ:ખે ડુબે દરીએ;
ભોગજોગે જોગ બને જોગ બને નહીં ભોમ,
ભવ રહે એવો રખે ચડે કોઈ દ્રષ્ટિએ;

ચિત્ત ચટપટી થાય અંતર ઉચાટ વધે,
વપુ ગળે ભોજનને શયન વીસરીને;
જર ઝવેરને તન જોબન જવાનું જાણો,
અચળ ન કોઈ જોઈ જોઈ ડગ ભરીએ. ૫૫

પૃથવી સમાન ક્ષમાવાંન મહાસતી સીતા,
જગત જાણીતી થઇ અગ્ની ધીજ કરીને;
દમયંતી દ્રૌપદીને અંજના સુભદ્રા સતી,
અનેક સંતાપ સહ્યા દ્રઢ મન રહીને;

એહવી અનેક સતી નામ લેતાં પાપ જાય,
નામના અમર યશ સ્થાયી કરી ગઈછે;
જર ઝવેરને તન જોબન જાવાનું જાણો,
અચળ ન કોઈ જોઈ જોઇ ડગ ભરીએ. ૫૬

સુરનર વૃંદ વંદે શીયળે વંછીત ફળે,
ત્રીકરણ યોગે જે પાળે ધન્ય બ્રહ્મચારીને;
વ્યાલ ફુલમાળ થાય સંકટ સકળ જાય.
બેડી તુટે અગ્ની બુઝે થઇ જાય વારી તે,

શુળી થાય સિંહાસન રિદ્ધિ સિદ્ધિ નવંનિધિ,
પગ પગ પામે માન કષ્ટને નીવારીને;
મૃગરાજ મૃગ થાય પ્રબળ પ્રભાવ થકી,
નીરબળ થાય જેહ અતિ બળધારી તે. ૫૭

સુંદર સુરૂપ તનું વીશ્વમાં વિજય મળે,
ખુબ જામે યશ પામે સુગતી શ્રીકારી તે;
શીયળે મંગળમાળ કલ્યાણ કેલીસદન,
ચારૂ ચિત્ત ચોખે પાળે તેને બલીહારી છે;

વસ્ત્ર વીના આભુષણ ધારણ કર્યાથી વપુ,
લુંણ વીણા રસવતી નીરસ થનારી તે;
તેમ શીયળ વીહુણા મનુષ્ય મનાય મુર્ખ,

શીયળ શૃંગાર વીના શોભા નહીં સારી તે. ૫૮

અંતરંગ અંગ શુભ શોભાવવા કાજ સજો,
શીયળ શૃંગાર સાર ધાર હીતકારી તે;
મન વચનને કાય ત્રીકરણ જોગે નીસ,
પરમ પવિત્ર થાવા શુભ શીળ પાળીએ;

કુવિકલ્પ મન થકી મદન વીકાર તજો,
સુવિચાર થકી નીજ મન સમજાવીએ;
મદન ઉત્પતિ જેથી થાય એવા અપશબ્દ,
સ્ત્રી સાથે ઠઠ્ઠા મશ્કરી કદી ન ઉચ્ચારીએ. ૫૯

પરવામા તનુ સ્પર્શ આલીંગન ચુંબન તે,
પાપેથી મુંઝાઈ ભાઇ કેમ સુખ પામીએ;
તનથી કુચેષ્ટા કદી કરો નહીં યારો તમે,
ગમે તેમ થાય પણ શીળ ન વીરાધીએ;

દંપતી વિજયાશેઠ શીયળથી સુખી થયા,
બ્રહ્મચર્ય વ્રત અતિશય ગુણકારી છે;
જગાધી તરાય શીળે અનુપમ સુખ શાંતિ,
મહીમાં મહીમા અતિ કેટલો ઉચ્ચારીએ. ૬૦

સુખકારી દુઃખહારી પર ઉપકારી જયી,
ધ્વજા ફરકાવે જન મંડળ દીપાવની;
મતિ નહીં મુજ કાંઇ શીયળ પ્રભાવ થકી,
આકર્ષાઇ કીધી કીર્ત્તિ પટહ બજાવની;

સંવત વીક્રમાદીત્ય એક નવ ચઉત્રીસ;
શાંણી વાંણી જાણી ભાવે ભાવો શુભ ભાવની;
પર્યુષણ પર્વ આદિ દીન જે અષ્ટાઇ ઘર,
ઝવેર પ્રેમેથી પૂરી કરી રૂડી બાવની. ૬૧

સમાપ્ત.

જાહેર ખબર.

આપ સદ્દગ્રહસ્થ જાણી આ બુક આપની તરફ મોકલવામાં આવી છે. બુક ઘણી સારી ને રસીક તેમજ બોધદાયક છે. આશા છે કે તે બુકના આપ ગ્રાહક થશોજ, તેમ છતાં કદાચ આપને તે બુક ના રાખવા મરજી હોયતો અમોને તરતજ દીન ચારની અંદર પાછી મોકલી આપજો. તે મુદત વીત્યા બાદ આપે તે બુક રાખીછે એમ અમારા જાણવામાં આવશે માટે તે દરેક બુકની કીમત રૂ૦–૨–૦ મુજબ ગણી મોકલી આપજો અને પોષ્ટેજ ખર્ચ જુદુ મોકલાવજો. આ બુક ઉતરોતર ઘણા ફાયદા કારક છે માટે ગ્રાહક નહીં થાઓ તો પાછળથી પસ્તાવો થશે. કીંબહુના.

લી. શેવક.

દેવશી ડાહ્યાભાઈ.